જિલ્લાના સસ્તા અનાજની દુકાનોમાં એસએમએસ સિસ્ટમ ખોરવાતાં દુકાનદારો-કાર્ડધારકો પરેશાન

૫ દિવસથી સિસ્ટમ ઠપ પરંતુ તંત્રના પેટનું પાણી હલતું નથી

બાયડ, તા. ૨૬

રાજ્યના પુરવઠા વિભાગની કામગીરી સામે ફરી રોષ પ્રવર્તી રહ્યો છે. સસ્તા અનાજની દુકાનોમાં કાર્ડધારકની ફિન્ગરપ્રિન્ટ પછી મોબાઈલ ઉપર ઓટીપી એસએમએસ આવતા હતા તે છેલ્લા ૫ દિવસથી બંધ થઈ જતાં દુકાનદારો-કાર્ડધારકો પરેશાન થઈ ગયા છે. આવી સ્થિતિ લાંબો સમય ચાલે તો સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ૮૦૦ થી વધુ દુકાનદારોને ઓફલાઈન વિતરણ કરવું પડે તેવી સ્થિતિ પ્રવર્તી રહી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચી મારવાના મહાકૌભાંડ પછી દરેક જિલ્લાઓમાં તપાસ ઢીલી કરી દેવામાં આવી છે અને તેમાં મોટાપાયે ગેરરીતિના ગંભીર આરોપ લાગી રહ્યા છે. ગરીબ કાર્ડધારકોનું અનાજ બારોબાર સગેવગે કરવાના સાબરકાંઠાના ૬૦ અને અરવલ્લીના ૨ દુકાનદારોની સંડોવણી સામે આવ્યા પછી માત્ર તપાસના નાટક કરી ૬ જેટલા દુકાનદારોના પરવાના ૯૦ દિવસ મોકૂફ રાખી તંત્રએ સંતોષ માન્યો પરંતુ કાળાબજારીયાઓ સામે પીબીએમ સહિતની કાર્યવાહી કરવાનું કોઈપણ કારણોસર માંડવાળ કરાયું છે. જ્યારે ભૂતિયા રેશનકાર્ડ નાબૂદ કરવા, પુરવઠા વિભાગે બારકોર્ડેડ સ્ટીકરવાળા રેશનિંગ કાર્ડ આપી ગરીબોને અનાજનો જથ્થો આપવાની પારદર્શક બનાવી છતાં કૌભાંડીઓએ અનેક રસ્તાઓ શોધીને ખોટુ કરી નાખ્યું. જ્યારે ફિન્ગરપ્રિન્ટ પછી રેશનિંગનો જથ્થો આપવાની સિસ્ટમમાં પણ બોગસ યુઝર આઈડી દ્વારા કરોડોનું અનાજ સગેવગે કરી દેવામાં આવ્યું અને સર્વરમાં પણ અનેક છીંડા હોવાની આશંકા છે. છેલ્લા ૫ દિવસથી પુરવઠા વિભાગના સર્વરમાં ટેકનિકલ ખામી ઉભી થતાં ઓનલાઈન રેશનની કુપન કાર્ધારકને આપવામાં આવતી હતી અને તેમાં મોબાઈલ ઉપર ઓટીપી એસએમએસ આવતા હતા તે સેવા ઠપ થઈ ગઈ છે. જેના કારણે ફિન્ગરપ્રિન્ટથી રેશનીંગની કૂપન નીકળતી ન હોવાથી મોબાઈલ ઉપર એસએમએસ મોકલીને ઓટીપી જનરેટ કરી જરૂરી કામગીરી આગળ વધારવા દુકાનદારોને સૂચના આપવામાં આવી પરંતુ એસએમએસ સેવા પણ ખોરંભે પડતા અને હવે મહિનો પૂરો થવામાં માત્ર ૩ દિવસનો સમય બાકી છે જેથી દુકાનદારો અને કાર્ડધારકો વચ્ચે અનેક વિસ્તારોમાં બોલાચાલીના કિસ્સા સામે આવી રહ્યા છે.

પોલિયો રસીકરણ બુથ આકરુંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે અરવલ્લી જિલ્લાના ભારતીય જનતા પાર્ટી ના કારોબારી સભ્ય શ્રી વિનોદભાઈ.બી.પટેલ(પૂ.મહામંત્રી ધનસુરા તાલુકા ભાજપ) દ્વારા દિપ પ્રાગટય કરી ખુલ્લૂ મૂકવામાં આવ્યું, શ્રીમતી વિણાબેન વિનોદભાઈ પટેલ દંડક ધનસુરા તાલુકા પંચાયત દ્વારા બાળકોને રહી ના ટીપાં પિવડાવવામા આવ્યા જેમાં આકરુંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના તબીબ શ્રી ડો.યાજ્ઞિકભાઈ તેમજ આકરુંદ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના કર્મચારીઓ હાજર રહ્યા હતા

જન્મદિને વધામણી

ચેતનભાઇ ઈશ્વરભાઈ પટેલ
ડેમાઇ હાઇસ્કુલ
આકૂંદ તા.ધનસુરા

દિનકર ભાઈ ડી.પટેલ
સુંદરપુરા તા. બાયડ

પટેલ દેવ કુમાર રાકેશભાઈ
ગામ - આકરુન્દ

પુષ્પાબેન વી.પટેલ
શર્ણમ્ રેસીડેન્સી, બાયડ

સરડોઈમાં મન કી બાત કાર્યક્રમ યોજાયો

મોડાસા તાલુકાના સરડોઈ ગામે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નો મન કી બાત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો તાલુકા સંગઠન ઉપ પ્રમુખ ચિરાગ ગિરિ ગોસ્વામી ના ઘરે મન કી બાત સાંભળવા માટે જિલ્લા ભાજપ ઉપ પ્રમુખ યશપાલ સિંહ પુવાર,મોડાસા તાલુકા ઉપ પ્રમુખ લાલસિંહ ચૌહાણ સહિત ભાજપના કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

વિરાવાડાના સસ્પેન્ડેડ મહિલા સરપંચે સંતાનો અંગે ખોટું સોગંદનામું રજૂ કરતાં ફરિયાદ

૮ મહિના પછી મામલતદારે પોલીસ ફરિયાદ આપી

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૭

હિંમતનગર તાલુકાના વિરાવાડા ગ્રામ પંચાયતમાં વર્ષ-૨૦૧૮ના સમયગાળા દરમ્યાન સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલા સરપંચ ઉમેદવારીપત્રોમાં સંતાનોની ખોટી હકીકત બતાવી ખોટું સોગંદનામું રજૂ કર્યાનું જણાઈ આવતાં સસ્પેન્ડ કરાયાના ૮ મહિના પછી તત્કાલિન મહિલા સરપંચ સામે પોલીસ ફરિયાદ થઈ છે. સરપંચ પદ માટે વહીવટી તંત્રની આંખમાં ધૂળ નાખી ૨ થી વધુ બાળકો નથી તેવું છૂપાવ્યું હતું પરંતુ ૩ સંતાન હોવાનો ભાંડો ફૂટતાં પદ ગુમાવવાની સાથે કાનૂની કાર્યવાહીમાં ફસાવાનો વારો આવ્યો છે.

જાણવા મળ્યા મુજબ તાલુકાના વિરાવાડા ગામનાં સાવિત્રીબેન પિન્દુભાઈ સોલંકીએ તા.૧૬-૧૨૦૧૮ના સમયગાળામાં જાહેર થયેલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ગ્રામ પંચાયતના સરપંચના ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું હતું જેમાં બે થી વધુ બાળકો નથી તેવું ખોટું સોગંદનામું રજૂ કર્યું હતું. ચૂંટણી યોજાયા પછી સરપંચ પદે મહિલા ચૂંટાઈ આવ્યાં પરંતુ ૩ સંતાનો હોવાની હકીકત છૂપાવી હોવાથી આ અંગે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થઈ હતી જેથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી હતી જેમાં તા.૧-૧-૨૦૧૮ના રોજ બે સંતાન છે તેવું નોટરી સમક્ષ રજૂ કરેલું સોગંદનામું ખોટું હોવાનું જણાતાં મહિલા સરપંચને પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ ગમે તે ઘડીએ તત્કાલિન મહિલા સરપંચ સામે કાનૂની કાર્યવાહી થવાની સંભાવના હતી પરંતુ વિરાવાડા ગ્રામ પંચાયતમાં ફરીથી ચૂંટણી યોજાઈ ગયા પછી હવે ખોટું સોગંદનામું રજૂ કરવા અંગે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવામાં આવી છે. બનાવ અંગે મધ્યાહન ભોજન યોજનાના નાયબ મામલતદાર જયેશભાઈ નાનુભાઈ વાજાની ફરિયાદના આધારે ગાંભોઈ પોલીસે સસ્પેન્ડ થયેલ મહિલા સરપંચ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

આગીયોલમાં ૧ વર્ષ અગાઉ ડ્રોન ઉડાડી સંતોષ માન્યો

જિલ્લામાં ૧૬૦૦ ગામડાઓમાં ડ્રોન ટેકનોલોજીથી મિલ્કત નોંધણીના અમલમાં વિલંબ

સ્વામિત્વ યોજના અંગે તલાટીઓને માત્ર સૂચના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

ગ્રામ્ય વિસ્તારમાં મિલ્કતોની માપણી ડોન ટેકનોલોજી દ્વારા કરવામાં આવશે તેવી જાહેરાત કરી સરકારે સ્વામિત્ર યોજના ગત વર્ષથી અમલમાં મૂકી છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૬૬૮ ગામડાઓમાં આધૂનિક પદ્ધતિથી મિલ્કત નોંધણીના અમલમાં વિલંબ થઈ રહ્યો છે. હિંમતનગર તાલુકાના આગીયોલ વિસ્તારમાં ૧ વર્ષ અગાઉ ડ્રોન ઉડાડી ખેડૂતોને આકર્ષ્યા પરંતુ બધું વિસારે પડ્યું છે અને હવે બંને જિલ્લામાં સ્વામિત્ર યોજના અંગે તલાટીઓને ૧૪ મહિનાથી માત્ર સૂચનાઓ જ અપાઈ રહી છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી શરુ થતાં ડી.એલ.આર. કચેરી ડ્રોન ટેકનોલોજીથી મિલ્કત નોંધણીમાં હજુ કોની રાહ જુએ છે તે ખુદ તલાટીઓ સમજી શક્યા નથી.

રાજ્યના ગામડાઓમાં મિલ્કત નોંધણીમાં અનેક વિસંગતાઓ રહેલી છે જેના કારણે સ્વામિત્ર યોજના અંતર્ગત ગામના દરેક મિલ્કત ધારકને ડોન દ્વારા માપણી થયા પછી પ્રોપર્ટી કાર્ડ આપવાની જાહેરાત થઈ જેમાં અન્ય જિલ્લાઓમાં પાયલટ પ્રોજેક્ટ અંતર્ગત કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. તલાટીઓ દ્વારા મિલ્કતનોનું ચૂના માર્કીંગ કરી મિલ્કત સબંધી વિગતો અંકે કરવામાં આવી રહી છે. પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ગામડાઓમાં ડ્રોન આધારીત મિલ્કત નોંધણીની જાહેરાત બાદ ટૂંકમાં જ કામગીરી શરુ થશે તેવી ધારણા ખોટી સાબિત થઈ છે. સરકારની જાહેરાત પછી તલાટીઓને માત્ર સ્વામિત્વ યોજના અંગેની માત્ર સૂચનાઓ આપવામાં આવી છે. ક્યાંય પણ હજુ સુધી નેત્ર દિપક કામગીરી શરુ થઈ ન હોવાથી ખુદ તલાટીઓ આ પ્રોજેક્ટ અંતર્ગત અવઢવમાં છે. ભાવનગર સહિતના જિલ્લામાં તો આ યોજના લાગુ કરી ગામડાના મિલ્કત ધારકોને જેમ બને તેમ ઝડપથી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે ખુદ સરકાર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે. જિલ્લામાં વર્ષોથી મજીયારી મિલ્કતો, વાદગ્રસ્ત મિલ્કતો અને કોર્ટ કેસ સહિતની મિલ્કત નોંધણીઓમાં ઝડપથી નિરાકરણ આવે તેવું અરજદારો ઈચ્છી રહ્યા છે. સ્વામિત્ર યોજનાની જાહેરાત પછી મિલ્કત ધારકોને કે ગામડાંની પ્રોપર્ટીનું આધુનિક માપણીથી આંકલન થશે તેવું જણાતું હતું પરંતુ હજુ સુધી સીમિત્ર યોજના અંતર્ગત જિલ્લામાં કોઈ ચહલ પહલ જણાતી નથી.

બાયડ તાલુકાની વાંટડા પ્રા.શાળામાં આગ લાગ્યાની મોકડ્રીલ યોજાઈ

બાળકોને આપત્તિ સમયે તકેદારીની સમજ અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બાયડ તાલુકાની વાંટડા(વાત્રક) પ્રા.શાળામાં આગ લાગ્યાની મોકડ્રીલ યોજાતાં ઉત્તેજના વ્યાપી હતી. બાળકોને આગ લાગવા સમયે તકેદારીના કેવા પગલા ભરવા જોઈએ તે અંગેની તજજ્ઞ દ્વારા સમજ અપાઈ હતી. રાજ્યમાં હોસ્પિટલો, કોચીંગ ક્લાસમાં આગ લાગવાની ઘટનાથી સરકાર ઉપર પસ્તાળ પડવી પછી દરેક સરકારી ઈમારતોમાં ફાયર સેફ્ટીની સુવિધા ઉભી કરવાના આદેશ અપાયા છે. શાળાઓમાં પણ હવે ફાયર સેટીની સુવિધાઓ ઉભી કરાઈ છે. બાયડ તાલુકાની વાંટડા પ્રા.શાળામાં આગ લાગે તો શું કરવું..?? તે અંગે બાળકો અને શિક્ષકોને સમજ આપવા માટે ગત રોજ મોકડ્રીલનું આયોજન થયું. શાળાના મેદાનમાં આગના ધુમાડા જોઈ એક તબક્કે ગામમાં ભય વ્યાપ્યો હતો પરંતુ મોકડ્રીલ હોવાનું જાણી વાલીઓએ પણ રાહતનો દમ લીધો હતો.

પ્રશ્નપત્ર લીક થતાં હવે જવાબદારીમાંથી છટકતું તંત્ર

જિલ્લામાં ધો.૯ થી ૧૨ ની પરીક્ષાના પ્રશ્નપત્રો શાળામાં તૈયાર કરવાના પરીપત્રથી આચાર્યમાં કચવાટ

સીસ્ટમમાં ખાટલે ખોડ હોવાથી મોટાપાયે સુધારા જરુરી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭

બીજી સત્રાંત પરીક્ષા દરમ્યાન કેટલાક વિષયના પ્રશ્નપત્રો લીક થયાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી શિક્ષણ વિભાગ હરકતમાં આવ્યું છે જેથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત રાજ્યની તમામ શાળાઓને ધો.૯ થી ૧૨ ની પ્રથમ, દ્વિતિય પરીક્ષા તથા એકમ કસોટી અને ધો.૯ અને ૧૧ની વાર્ષિક પરીક્ષાના પ્રશ્નપત્રો શાળાઓમાં તૈયાર કરવાનો પરીપત્ર કર્યો છે. પ્રશ્નપત્ર લીક થતાં હવે શિક્ષણ વિભાગ જવાબદારીમાંથી છટકવાનો નવો કીમીયો શોધ્યો છે. જ્યાં સુધી શિક્ષણ અને તેના વિભાગ દ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં પારદર્શિતા નહીં આવે ત્યાં સુધી સીસ્ટમમાં રહેલી ખાટલે ખોડ વિભાગને વધુમાં વધુ બદનામ કરી શકે છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં પરીપત્ર કરી ધો.૯ થી ૧૨ની પરીક્ષાના પ્રશ્નપત્રો બોર્ડના નામે કે ફેક પ્રશ્નપત્રો અન્ય ખાનગી પ્રકાશનો દ્વારા પ્રકાશિત પ્રશ્નપત્રોના સોલ્યુશન નિયત તારીખ પહેલાં સોશ્યલ મીડીયા અને યુ-ટ્યુબ ઉપર વાયરલ થયાની ઘટનાઓ સામે આવી હતી જેથી બોર્ડ દ્વારા સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને ગત રોજ તાકીદનો પરીપત્ર કરી પ્રશ્નપત્રો શાળાકક્ષાએ, ક્યુડીસી કક્ષાએ એસ.વી.સી. કક્ષાએથી તૈયાર કરવામાં આવે અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ વિનિયમો૧૯૭૪ના વિનિયમ ક્રમાંક-૨૦(૩) (૧) અને ૨૦(૩) (૨) અનુસાર સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી શાળાઓમાં યોગ્ય શૈક્ષણિક લાયકાતવાળા શિક્ષકોની ભરતી અંગે પ્રાવધાન છે જેથી શાળાઓમાં શૈક્ષણિક લાયકાત અને વર્ગખંડ શિક્ષણના અનુભવી શિક્ષકો સ્વયં પ્રશ્નપત્રોનું નિર્માણ કરે તેવો મત પ્રગટ કરી ખાસ કરીને પ્રશ્નપત્રો લીક થવાની ઘટનાઓ અને પ્રશ્નપત્રોની ગોપનીયતા જાળવવા માટે નિર્ણય કર્યો છે તે જોતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની સરકારી, ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર ૫૦૫ થી વધુ શાળાઓને શાળા કક્ષાએ જ પ્રશ્નપત્રોનું નિર્માણ કરવા જણાવ્યું છે. છેલ્લા કેટલાય સમયથી શિક્ષકો અને આચાર્યોની કામગીરી વધી ગઈ છે અને હવે પ્રશ્નપત્રો કાઢવાની નવી જવાબદારી સોંપી વિભાગ પોતાના માથે માછલાં ન ધોવાય તેની ફીરાકમાં આવ્યાનું જણાઈ રહ્યું છે.

ભિલોડા તાલુકામાં પોલિયો નાબુદી અભિમાન અંતર્ગત રસીકરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૭

અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર પોલિયો નાબુદી અભિયાન અંતર્ગત રસીકરણ કાર્યક્રમનો કાર્યક્રમ યોજાયો હતો.આજે તારીખ ૨૭મી ફેબ્રુઆરી - ૨૦૨૨ ના રોજ રવિવારે રાષ્ટ્રીય પોલિયો નાબુદી કાર્યક્રમ અંતર્ગત અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુનાઈના મલાસા ગામમાં અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ લાલસિંહ ચૌહાણના વરદ્ હસ્તે પોલિયો બુથનું પ્રાથમિક શાળામાં ઉદઘાટન

કરવામાં આવ્યું હતું. ભિલોડા તાલુકા મુખ્ય આરોગ્ય અધિકારી ડો. એ.જે.વૈષ્ણવ,મેડિકલ ઓફિસર ડો. એ.કે.ચૌધરી,પ્રાથમિક શાળાના શિક્ષકો,આરોગ્ય સ્ટાફ,આશા વર્કર બહેનો સહિત લાભાર્થી બાળકોને લઈને મોટી સંખ્યામાં વાલીઓ બુથ ઉપર ઉપસ્થિત રહ્યા હતા.દીપ પ્રાગટ્ય કરીને પ્રમુખે બાળકોને પોલિયોના બે ટીપાં પીવડાવી કાર્યક્રમ ખુલ્લો મૂક્યો હતો.સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજયભાઈ બારોટ, ઈન્ચાર્જ બી. આઈ. ઈ.સી. ઓ. એ કર્યું હતું.

ધનસુરા માં પોલિયો રવિવાર અંતર્ગત બાળકોને પોલિયોની રસી અપાઈ હતી

ધનસુરા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં પોલીયો રવિવાર અંતર્ગત બાળકોને પોલિયો ની રસી આપવામાં આવી હતી.ભારત પોલિયો મુક્ત થઈ ગયો છે પરંતુ

હજુ કેટલાક દેશોમાં પોલિયો નાબૂદ નથી થયો જેથી પોલિયો ફરી ન ફેલાય તે માટે પોલિયો ના ટીપાં આપવામાં આવ્યા હતા. તંત્ર દ્વારા આ માટે ધનસુરા તાલુકાના પી.એચ.સી સેન્ટરો, સી.એચ.સી સેન્ટરો, આંગણવાડી, બસ સ્ટેન્ડ સહિત વિવિધ જગ્યાએ પોલિયો ના ટીપાં આપવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં ૦ થી ૫ વર્ષ ના બાળકો ને પોલિયો ના ટીપાં આપવામાં આવ્યા હતા. તાલુકામાં શિકા, ભેંસાવાડા,આકરુન્દ,વડાગામ પી.એચ.સી સેન્ટર તથા ધનસુરા સી એચ. સી સેન્ટર વિસ્તાર માં પોલિયો રવિવાર અંતર્ગત આરોગ્ય કર્મચારી ઓ ધ્વારા મોટી સંખ્યામાં બાળકો નું રસીકરણ કરવામાં આવ્યું હતું.

ધનસુરા કોલેજમાં યુનિવર્સિટીની પરીક્ષાની તૈયારીના મોક ટેસ્ટ નું આયોજન કરાયું હતું

ધનસુરા, તા. ૨૭

ધનસુરા કોલેજમાં યુનિવર્સિટી ની પરીક્ષાની તૈયારી ના મોક ટેસ્ટ નું આયોજન કરાયું હતું આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ધનસુરા ખાતે સેમ ૧માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે નજીકના સમયમાં આવનાર યુનિવર્સિટી ની પરીક્ષાની વિદ્યાર્થીઓ ને પ્રેક્ટિસ થાય તે માટે વિવિધ વિષયોના અધ્યાપકો એ એમ.સી.ક્યુ બેઝ થી મોકટેસ્ટ લઈ વિદ્યાર્થીઓને ઓએમઆર શીટ માં કઈ રીતે જવાબ લખવા સહિત વિવિધ બાબતો નું માર્ગદર્શન આપ્યું હતું અને મોકટેસ્ટ નું અયોજન કર્યું હતું જેમાં વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

પ્રાંતિજના કરોલ આશુતોષ ઉત્તર બુનિયાદી વિદ્યાલય ખાતે વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણ કરાઈ

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના કરોલ ખાતે આવેલ કરોલ આશુતોષ ઉત્તર બુનિયાદી વિધાલય મા સરસ્વતી સાયકલ સહાય યોજના અન્વયે સાયકલ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. પ્રાંતિજ તાલુકાના કરોલ ખાતે આવેલી આશુતોષ ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં અભ્યાસ કરતી બક્ષીપંચ અને આર્થિક અનામતની કન્યાઓને સરકાર દ્વારા ચાલતી સરસ્વતી સાયકલ સહાય યોજના અંતર્ગત મળેલી ૨૧ સાયકલોનુ શાળાના સેતાનસિંહ પરમાર ગામના અગ્રણીઓ તથા શાળાના શિક્ષકોની ઉપસ્થિતમાં વિદ્યાર્થીનીઓને સાયકલનુ વિતરણ કરવામા આવ્યુ હતું.

વર્ષ-૨૦૨૫ સુધીમાં ગુજરાતને ટીબીમુક્ત બનાવવાનું અભિયાન

ઉત્તર ગુજરાતમાં ટીબીના દર્દીઓને આપવામાં આવશે ડિજીટલ સારવાર

પાયલોટ પ્રોજેક્ટમાં બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ

બાયડ, તા. ૨૭

રાજ્યમાં ટીબીના દર્દીઓને ડિજીટલ સારવાર મળે તે પ્રકારે સોફ્ટવેર વિકસાવવામાં આવ્યું છે. રાજ્ય સરકાર અને આરોગ્ય વિભાગ દ્વારા રાજ્યના ૭ જિલ્લાઓનો પાયલોટ પ્રોજેક્ટમાં સમાવેશ કરાયો છે જેમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાનો સમાવેશ કરાયો છે અને પ્રારંભે ૫ જેટલા ડ્રગ રજીસ્ટન્સ ટીબી દર્દીઓને મર્મ બોક્સ આપવામાં આવ્યા છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સરકાર અને આરોગ્ય વિભાગ ટીબી દિવસની ઉજવણી કરે છે પરંતુ તે માત્ર એકાદ સપ્તાહના તાયફા પછી બધું ભુલાય છે. આરોગ્ય વિભાગના દફતરે ઉત્તર ગુજરાતમાં ભલે માંડ ૧૬૦૦૦ દર્દી દર્શાવાયા હોય પરંતુ આંકડો ૧ લાખથી વધુ દર્દી હોવાની આશંકા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ-૨૦૨૫માં સમગ્ર દેશમાંથી ટીબી નાબૂદ માટેનો સંકલ્પ લીધો છે ત્યારે ગુજરાત સરકારે હઠીલા ટીબીની ડિજીટલ સારવાર કરવાનો નિર્ણય લઈ ૭ જિલ્લાઓમાં પાયલોટ પ્રોજેક્ટ અજમાયશી ધોરણે અમલી બનાવાયો છે જેમાં એકમાત્ર ઉત્તર ગુજરાતના એક માત્ર બનાસકાંઠા જિલ્લાનો તેમાં સમાવેશ થયો છે. જેથી બનાસકાંઠા જિલ્લામાં ટીબીના દર્દીઓને ડ્રગ રજીસ્ટન્સ ડિજીટલ ટેકનોલોજી મર્મ બોક્સ આપવામાં આવશે જેમાં દર્દીને આપવામાં આવતા એક મહિનાના દવાના જથ્થામાં ઈલેક્ટ્રોનિક ડિવાઈસ ફીટ કરવામાં આવ્યુ છે અને તે ડિવાઈસના આઈ.એમ.ઈ.આઈ. નંબરને ટીબીના નિક્ષય સોફ્ટવેર સાથે જોડાણ આપવામાં આવ્યું છે અને અગાઉથી સોફ્ટવેરમાં ટીબીના દર્દીની માહિતી અપલોડ કરેલી હશે. દર્દીને દવા લેવા માટેનો સમય તેમાં નક્કી કરવામાં આવ્યો છે અને જો દર્દી દવા લેવાનું ભુલી જાય તો તેમાં આપોઆપ એલાર્મ વાગવાનુ શરૂ થઈ જશે અને આરોગ્ય વિભાગને પણ સોફ્ટવેર દ્વારા કયા દર્દીએ ટીબીની દવા લીધી નથી તેની જાણકારી મળશે અને જરૂર પડ્યે દર્દીને ફોન કરીને દવા લેવા માટે જાણકારી આપવામાં આવશે. દર્દીએ દવા લીધી હશે તો સોફ્ટવેરમાં ગ્રીન લાઈટ થશે. ડિજીટલ બોક્સ પણ આકર્ષરૂપ છે. દર્દીને ડિજીટલ બોક્સ સાથે ચાર્જર આપવામાં આવશે અને બોક્સ એક વખત ચાર્જ કર્યા પછી બે મહિના સુધી ચાર્જ કરવાની કોઈ જરૂર નહિ રહે. બનાસકાંઠામાં ટીબીના દર્દીઓ માટે ડિજીટલ સારવારનો પ્રયોગ સફળ રહ્યો તો આગામી એક-બે વર્ષમાં પાટણ, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાને પણ તેમાં સમાવી લેવામાં આવશે.